જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૨/૨૦૧૮ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૬૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૪૫ લીટર દેશી દારૂ, ૧૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૨ બિયર ટીન અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૧૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૬૨/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૬૩/૧૮**

**નરોડા :** જયેંદ્રભાઇ ખોડાભાઇ વાઘેલા (ઉ.વ.૩૮)(રહે,પુનીતનગર પુનીતક્રોસીંગ પાસે ઘોડાસર) એ તા.૨૧/૦૨/૧૮ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૨/૧૫ ના એકાદ માસ અગાઉ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નરોડા ગામ કુમારશાળા પાછળ સત્યનારાયણ સોસાયટી ખાતે આરોપી (૧) પુરવભાઇ રાજેશભાઇ ભટ્ટ (૨)રાજેશભાઇ ભટ્ટ (૩)ઉન્નતીબેન પુરવભાઇ ભટ્ટ (રહે,સત્યનારાયણ સોસાયટી, કુમારશાળા પાછળ નરોડા ગામ તથા (૪) કેવલભાઇ ભટ્ટ ભેગામળી લોકોને કેનેડા મોકલવાનુ પુર્વયોજીત કાવતરૂ રચી કેનેડા જવા ઇચ્છતા માણસોને ગ્રાહકો બનાવી તમામ માણસોને કેનેડામા નોકરી તથા રહેવા સાથેની સગવડો આપવાની લાલચ આપી, પોતે ભારત સરકારના ઇમીગ્રેશન કાયદા હેઠળ અધીકૃત એજન્ટ ન હોવા છતા પોતે કાયદેસરના એજન્ટ છે તેવુ ખોટુ જણાવી, ગેરકાયદેસર એજન્ટ તરીકે કામ કરી કુલ રૂપિયા ૧,૨૦,૫૦,૦૦૦/- તથા બીજા માણસો પાસેથી રકમ મેળવી કેનેડા જવા માટેના વિઝા નહી આપી, તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૩૬૪/૧૮**

**સોલા હાઇકોર્ટ :** ડો.જગદીશભાઇ કાંતીલાલ પટેલ (ઉ.વ.પ૭)(રહે,આશોપાલવ બંગ્લો વિશ્વ ભારતી સ્કુલની સામે થલતેજ ગ્રામ પંચાયતની બાજુમાં થલતેજ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૨/૧૮ રાતના ૧૦/૦૦ થી તા.૨૨/૦૨/૧૮ ના કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ગ્રાઉન્ડ ફ્લોરના બેડરૂમની બારીના ગ્રીલના સળીયા કોઇ સાધન વડે વાળી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, બેડરૂમના કબાટમાં રાખેલ ચાર હજાર યુ.એસ.ડોલર તથા સોના-ડાયમંડના દાગીના મળી કુલ કિંમત રૂપીયા ૬,૦૦,૦૦૦/- તથા રોકડા રૂપીયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપીયા ૮,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૩૬૫/૧૮**

**વસ્ત્રાપુર :** ભરતભાઇ વિનોદભાઇ ત્રિવેદી (ઉ.વ.૨૯)(રહે,ગામ-મોરૈયા તા-સાણંદ જી.અમદાવાદ) એ તા.૨૧/૦૨/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૨/૧૮ ના કલાક ૯/૩૦ થી બપોરના ૧/૪૫ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર લેકની સામે આવેલ આલ્ફાવન મોલની બહાર પાર્ક કરેલ છોટા હાથી ગાડી માંથી DELL કંપનીના ૧૮ પાર્સલ બોક્ષ, HP કંપનીના ૦૨ પાર્સલ બોક્ષ તથા સ્નેકર કંપનીનુ ૦૧ પાર્સલ બોક્ષ મળી કુલ કિંમત રૂપિયા ૬૭,૦૦૦/- મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગયેલ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેન્દ્ર વાસુદેવ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૩૬૬/૧૮**

**સરખેજઃ** અમીતભાઈ દશરથભાઈ સુથાર (રહે,વેજનાથ યાદવની ચાલી દેહીસર આંબાવાડી મુંબઈ ઈસ્ટ મુંબઈ) એ તા.૨૧/૨/૧૮ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૨/૧૮ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે આરોપી પોતાનો ભાઇ સચીન દશરથભાઇ સુથાર એ પોતાના કબ્જાની સેંટ્રો કાર નંબર એમ.એચ.૦૨.એન.એ.૧૫૩૦ લઈ બાવળા થી ચોટીલા તરફ જતા, સરખેજ એસ.જી.હાઈવે રોડ ઉપર બ્લુ લગુન પાર્ટી પ્લોટ સામે થી પસાર થતા હતા દરમ્યાન પોતાની કાર પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારી થી ચલાવતા, સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા, ગાડી પલ્ટી ખાતા, અમીતભાઇના પિતા દશરથભાઇ ને શરીરે તથા માથના ભાગે ગંભીર ઈજાઓ થતાં, સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

**નરોડાઃ** જયેશ ઉર્ફે બબલુ દિલીપભાઇ સિંધી (ઉ.વ.૨૦)(રહે,હનુમાનજીના મંદિરમા ઠક્કરનગર કૃષ્ણનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૨/૧૮ ના કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે ડૉ.ટીકુલાલા હોસ્પિટલની સામેના રોડ ઉપર એક્ટીવા નંબર જીજે.૦૧.સી.વાય.૬૭૩૫ નો ચાલક કરણભાઇ એ પોતાના કબજાની એક્ટીવા પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી, એક્ટીવા પર નો કાબુ ગુમાવી દેતા તેની ઉપર સવાર ત્રણેય જણા નીચે પડી જતા, જયેશભાઇના પિતા દિલીપભાઇ સિંધી નું ફુટપાથ પર આવેલ ઇલેક્ટ્રીક સીટીની પેટી સાથે માથુ અથડાતા, માથા માં ગંભીર ઇજા થતા, તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૬૭/૧૮**

**નરોડાઃ** મહેશભાઇ ઉર્ફે લાભુ રમણલાલ પટેલ (ઉ.વ.૩૨) (રહે.દેવાઆશિષ ફલેત હંસપુરા રેસીડેન્સી બાજુમા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૨/૧૮ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ અમૃતભાઇ ચલાવે છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.